संपर्क सहयोग संस्कार सेवा समर्पण

भारत विकास परिषद–गुजरात

मुखपत्र

# विकासदूत

वर्ष : १६ अंक : ९५ अप्रिल - २०२२ (FOR PRIVATE CIRCULATION)

## ભારત વિકાસ પરિષદ - મધ્ય ગુજરાત પ્રાંત - વાર્ષિક અસાધારણ સભા
## તા. ૧૩-૦૩-૨૦૨૨, સ્થળ : ડો. હેડગેવાર ભવન, અમદાવાદ.



- **દીપ પ્રજ્વલન, વંદેમાતરમ્.**
- દિવંગત આત્માને શ્રદ્ધાંજલિ, શોક ઠરાવનું વાંચન.
- **મહાનુભાવોનો પરિચય :** પ્રાંતના ટ્રસ્ટીશ્રી ચૈતન્યભાઇ ત્રિવેદી, રીજીનોનલ પદાધિકારી શ્રી દિનેશભાઇ વોરા, શ્રી વલ્લભભાઇ રામાણી, હિંમતસિંહ રાઠોડ, અશોકભાઇ કુલકર્ણી, વિનોદભાઇ શાહ, અને ટ્રસ્ટી શ્રી ડૉ. દિનેશભાઇ અમીન.
- **પ્રમુખશ્રી ફાલ્ગુનભાઇ વોરાનું સ્વાગત પ્રવચન :** કોરોના મહામારીના ત્રાસથી છૂટી સહુ રાહતની લાગણી અનુભવે છે, હવે સહુ વધુ સક્રિય થઇ સંસ્થાના કાર્યમાં પુનઃ લાગી ગયા છે. તેનો આનંદ. કોરોનાને કારણે બધા ઓનલાઇન મીટીંગ અને ઓનલાઇન વિવિધ કાર્યક્રમ કરતાં શીખી ગયાં, તે પણ નોંધપાત્ર બાબત છે.
- ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વાંચન - મંત્રીશ્રી દ્વારા.
- **વિભાગીય મંત્રીના અહેવાલ :**
  - અમદાવાદ વિભાગના મંત્રીશ્રી કલ્પેશભાઇ કેવડીયા દ્વારા અમદાવાદ વિભાગની વિવિધ શાખામાંથી ઉપસ્થિત રહેલ કાર્યકર્તાનો પરિચય આપ્યો.
  - દ.ગુજરાત વિભાગમાંથી શ્રી ધર્મેશભાઇ શાહ દ્વારા ઉપસ્થિત સભ્યોને પરિચય કરાવ્યો.
  - ગાંધીનગર અને સાબરકાંઠા વિભાગમાંથી શ્રી નિકેશભાઇ શંખેસરાએ પણ વિભાગની ૯ શાખાના ઉપસ્થિત કાર્યકર્તાઓનો પરિચય કરાવી થયેલ કાર્યક્રમોની માહિતી આપી.
- **પ્રકલ્પ સંયોજકશ્રીના અહેવાલ :**
  - **દિવ્યાંગ સહાયતા પ્રકલ્પનો અહેવાલ** શ્રી જયેશભાઇ સોની દ્વારા આપવામાં આવ્યો. આ વર્ષના ૩ કેમ્પ થયાં જ્યારે ખેડબ્રહ્માના દિવ્યાંગ કેમ્પમાં ૩૦ લાભાર્થીઓને વિશિષ્ટ પરિસ્થિતિને ધ્યાનમાં લઇ ટ્રાઇસિકલ આપવાનો નિર્ણય લેવાયો.
  - **રાષ્ટ્રિય સમુહગાન સ્પર્ધા** - શ્રી કમલેશભાઇ કંસારાએ સુંદર અહેવાલ રજુ કર્યો.
  - **ગુરુવંદન, છાત્ર અભિનંદનના** સહસંયોજક શ્રી દિશાંતભાઇ શાહે વિગતવાર માહિતી આપી.
  - **ભારત કો જાનો પ્રકલ્પ** માટે શ્રી ભુપતભાઇ સાકરીયા દ્વારા વિવિધ સ્પર્ધા અને ક્વીઝની માહિતી આપી.
  - -**પ્રકાશન વિભાગના સંપાદક** શ્રી દિનેશભાઇ ઠાકર દ્વારા જણાવ્યું કે કોરોના મહામારીના કપરાકાળમાં પણ મુખપત્રના નિયમિત છ અંક ઓનલાઇ પ્રકાશિત કરી સભ્ય પરિવારને સત્વરે વિકાસદૂત અંક મળે તેવી વ્યવસ્થા કરી છે. આ અંગે આપના સુચનો આવકાર્ય છે.
  - **મહિલા કલ્યાણ પ્રકલ્પ**ની વિગતવાર માહિતી સાથેનો અહેવાલ સંયોજિકા શ્રીમતી પ્રવિણાબેન ઠક્કર દ્વારા રજૂ. જેમાં યોગ મહિલા દિન, આરોગ્યલક્ષી વિ. થઇ કુલ ૨૦૭ કાર્યક્રમો થયાં છે.

- **યુવા પ્રવૃત્તિના સંયોજક** ડૉ. ઉજ્જવલ શેઠ દ્વારા યુવાનો માટે થયેલ કાર્યક્રમની માહિતી આપી.
- **અભ્યાસવર્ગના સંયોજક** શ્રી ભરતભાઇ મોદી દ્વારા વર્ષ દરમ્યાન યોજાયેલ અભ્યાસવર્ગની માહિતી આપી. હવે પછી ત્રણેય પ્રાંતના સંયુક્ત અભ્યાસવર્ગ યોજવાનું આયોજન થઇ રહેલ છે, તેમ જણાવ્યું.
- **પારિવારિક કાર્યક્રમોના સંયોજક** શ્રી કમલેશભાઇ પટેલ દ્વારા વર્ષ દરમ્યાન થયેલ પારિવારિક કાર્યક્રમની માહિતી આપી.
- **આંખ અને આરોગ્ય સંભાળ પ્રકલ્પ** માટે ડૉ. રાજેન્દ્રભાઇ ઠક્કર દ્વારા પ્રાંતના કાયમી પ્રકલ્પો કુલ ૧૨ છે, જેની વિગતવાર માહિતી આપી. જેમાં ગાંધીનગર શાખાના શ્રી ચંદ્રકાંતભાઇ રાવલના ઘરે લગ્નપ્રસંગ નિમિત્તે મળેલ ભેટની રકમ રૂા. ૧ લાખ ઉપરાંતની રકમ વિવિધ સેવા, પ્રકલ્પમાં આપવાની જાહેરાતને સંસ્થા માટે ઉદાહરણીય અને પ્રેરક પ્રસંગ જણાવ્યો.
- **ગ્રામ દત્તક યોજના** શ્રીમતી પારૂલબેન પરીખ દ્વારા ઇસનપુર શાખા અને પાલડી શાખા દ્વારા સંચાલિત ગ્રામ વિકાસના થયેલ વિવિધ સેવા શિક્ષણ, આરોગ્યલક્ષી કાર્યોની વિગતવાર માહિતી આપી.
- **કોષાધ્યક્ષ** તરીકે શ્રી મનસુખભાઇ કાછડીયા દ્વારા સંસ્થાની આર્થિક બાબતોની જાણકારી આપી, જે મુજબ પ્રાંતની સભ્ય સંખ્યા ૧૯૯૭ છે, જ્યારે મહત્તમ સભ્યો પાલડી, કપડવંજ અને પોશીના શાખાના છે જે ૧૦૦ ઉપરનો આંક વટાવી ગયેલ છે.
- **મુખ્ય પ્રભારીનો અહેવાલ** આપતાં શ્રી પ્રકાશભાઇ કસવાલાએ જણાવ્યું છે કે દરેક શાખામાં નિમાયેલ પ્રભારીએ શાખાના પદાધિકારીઓ સાથે સતત પરામર્શમાં રહી વધુ અને ગુણવતાયુક્ત કાર્યક્રમ થાય તે જોવા અપીલ કરી અને જે તે શાખા દ્વારા પણ પ્રભારી સાથે તાદાત્મય રાખી જરૂરી સહકાર આપવા વિનંતી કરી.

- **૨૦૨૨-૨૩ ના વર્ષ માટેની પ્રાંત કારોબારીની જાહેરાત** ઝોનલ પદાધિકારી શ્રી દિનેશભાઇ વોરાએ કરી અને જણાવ્યું કે આગામી વર્ષનો લક્ષ્યાંક ગુજરાતમાં ૧૦૦ થી વધુ શાખા અને ૭૦૦૦ સભાસદ જોડાય તે છે.
  - **નવી કોરાબારી :** પ્રમુખ – શ્રી ફાલ્ગુનભાઇ વોરા, મહામંત્રી – શ્રી સુરેશભાઇ પટેલ, ઉપપ્રમુખ – પ્રકાશભાઇ કસવાલા, શ્રી હિતેશભાઇ અગ્રવાલ, સહમંત્રી – શ્રી વિજયભાઇ ભક્કડ અને શ્રી તુષારભાઇ ગાંધી, ખજાનચી – શ્રી મનસુખભાઇ કાછડીયા.
  - **વિભાગીય મંત્રી – અમદાવાદ** – કલ્પેશભાઇ કેવડીયા અને સહમંત્રી ડૉ. આશિષ સકસેના.
  - **ગાંધીનગર અને સાબરકાંઠા** – શ્રી નિકેશભાઇ શંખેસરા, સહમંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ રાવલ, શ્રી જગદીશભાઇ પટેલ.
  - **દક્ષિણ ગુજરાત** – શ્રી લક્ષ્મણભાઇ પારેખ, શ્રી ધર્મેશભાઇ શાહ અને સહમંત્રી શ્રી રણજીતસિંહ ચૌધરી.
  - **રાષ્ટ્રિય સમુહગાન સ્પર્ધા** – શ્રી કમલેશભાઇ કંસારા, સહસંયોજક શ્રી સંદિપભાઇ કંસારા.
  - **ભારત કો જાનો** – શ્રી ભૂપતભાઇ સાકરીયા, સહસંયોજક શ્રી વિનોદભાઇ પટેલ.
  - **ગુરુવંદન, છાત્ર અભિનંદન** – શ્રી શિવરાજભાઇ પંચાસરા અને સહસંયોજક શ્રી દિશાંતભાઇ શાહ.
  - **પ્રકાશન વિભાગ** – સંયોજક શ્રી ગૌરાંગભાઇ શાહ અને સહસંયોજીકા ભારતીબેન દેસાઇ.
  - **મહિલા, બાળ વિકાસ** – શ્રીમતી પ્રવિણાબેન ઠક્કર, સહસંયોજીકા દિપાલીબેન જાની.
  - **ગ્રામ વિકાસ યોજના** – શ્રીમતી પારૂલબેન પરીખ.
  - **આરોગ્ય અને આંખ સંભાળ** – ડૉ. રાજેન્દ્રભાઇ ઠક્કર, ડૉ. હસમુખભાઇ પ્રજાપતિ, ડૉ. ચતુરભાઇ પટેલ, ડૉ. હસમુખભાઇ, ડૉ. પ્રભાકાંત ઠાકુર.
  - **યુવા પ્રવૃત્તિ** – શ્રી મયુરભાઇ ધામેચા, શ્રી પૂર્વિશભાઇ પટેલ, શ્રી અક્ષતભાઇ ગાંધી, શ્રી નીલભાઇ રામી.
  - **અભ્યાસવર્ગ** – શ્રી ભરતભાઇ મોદી, શ્રી બિપીનભાઇ પરીખ.
  - **મીડીયા સંયોજક** – શ્રી માલવભાઇ શુકલ અને ડૉ. ઉજ્જવલ શેઠ.
  - **કાયમી આમંત્રિત સભ્ય** – શ્રી પ્રદિપભાઇ રાવલ, શ્રી હરેશભાઇ વસાણી, ડૉ. જગદીશભાઇ રાણા, ડૉ. અલ્પેશભાઇ પટેલ, શ્રી રમણિકભાઇ શાહ.

- **અધ્યક્ષનું પ્રવચન : શ્રી ચૈતન્યભાઇ ત્રિવેદી**

ઉપસ્થિત સહુને નમસ્કાર કરી ૩ વાર ઓમકારનું પઠન કરાવ્યું. તેઓએ જણાવ્યું કે સજ્જન વ્યક્તિઓનો સંગ ઔષધનું કાર્ય કરે છે. હંમેશ Duty oriented બનીએ, Right oriented નહિ. સંસ્થાની વિચારધારા અને કાર્યશૈલીનું સતત મનન, ચિંતન અને આત્મ નિરીક્ષણ કરતા રહેવું જરૂરી.

સંસ્થાના પ્રમુખ મુખિયા છે, તેથી તેમનું આચરણ મહત્ત્વનું છે, સહુનો વિચાર કરે તેવા અને પરિવારના વડાની રૂએ સતત વાણી, વ્યવહાર અને વર્તનમાં સમાનતા હોવી જરૂરી છે. સંસ્થાના વિવિધ પ્રકારના સ્વભાવ ધરાવતા વ્યક્તિઓ સાથે તાદાત્મય રાખી સાથે કાર્ય કરવાની કુશળતા હોવી જરૂરી છે. જેના ઉદા. તરીકે ઊંધીયાના શાકમાં વપરાતા વિવિધ શાકભાજીનો સમન્વય હોવાનું જણાવ્યું. તે સ્વાદિષ્ટ બને છે.

સંસ્થાના કારોબારી સભ્ય એ કરોડરજ્જુ સમાન છે. દરેકને સાંભળવું એ પણ એક કળા છે. સાંભળવાની તૈયારી અને મધુરવાણી, નમ્ર વ્યવહાર સંસ્થા માટે જરૂરી છે.

કાર્યકર્તા સ્વયં પ્રેરણાથી કાર્ય કરે, પૂર્વગ્રહ ન રાખે અને અભિમાન સ્હેજ પણ ન હોવું એ પૂર્વ શરત છે. વ્યક્તિત્વ સંસ્થામાં સમર્પિત કરી દે, લુપ્ત કરી દે તેવો કાર્યકર્તા જરૂરી. સત્કર્મનો સરવાળો, ગુણોનો ગુણાકાર, દોષની બાદબાકી થાયે તેમ શ્રી ગણેશજી અને હનુમાનજીના ચરિત્રને ધ્યાનમાં રાખીને કાર્યરત રહેવાની અપીલ કરી.

- **આભાર વિધિ**

સંસ્થાના સહમંત્રી શ્રી વિજયભાઇ ભક્કડ દ્વારા આભારવિધિ કરવામાં આવી અને સહુ ભોજન કરી છૂટા પડ્યાં.

# શાખા વૃત્તાંત

## મધ્ય ગુજરાત પ્રાંત

### સેટેલાઇટ




ભા.વિ.પ., સેટેલાઇટ શાખા દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય કાર્ડ માટેનો કેમ્પ રવિવારે તા. ૩-૪-૨૨ના રોજ સવારે ૧૦ કલાકે વૃંદાવન આવાસ, અમદાવાદ હાટની બાજુમાં યોજાયો, જેમાં મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો.

### પાલડી



પાલડી અને ખેડબ્રહ્મા શાખા દ્વારા આયોજિત દિવ્યાંગ કેમ્પમાં અપંગ વ્યક્તિઓને ૩૦ ટ્રાયસ્કિલ અર્પણ કરી.

**'મહાશીવરાત્રી પર્વની ઉજવણી'**

ભા.વિ.પ. પાલડી શાખા દ્વારા તા. ૧-૩-૨૨, મંગળવાર મહાવદ તેરસના રોજ સાંજે ૧૭.૦૦ કલાકથી ૧૯.૩૦ કલાક હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન, જીવરાજપાર્ક, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો. કાર્યક્રમની શરૂઆત ભગવાન શિવજીની પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ ગંધર્વ રાજ પુષ્પદંત રચિત શ્રી શિવમહિમ્મ સ્તોત્રમનું દૃશ્ય શ્રાવ્ય પ્રસ્તુતિ ઓવર હેડ પ્રોજેક્ટર દ્વારા વિશાલ શ્વેત પટલ પર શ્રી શ્યામલ સૌમિલ મુનશીના સ્વરબદ્ધ સમૂહગાનની પ્રસ્તુતિ સૌ પરિવાર સભ્યો સ્વયં ગાન સાથે માણ્યું. બાદમાં ભગવાન શિવજી અને શિવપુરાણ સંદર્ભિત ક્વિઝ ટેસ્ટ રાખવામાં આવી જેનો સૌ સભ્યોએ આનંદ માણ્યો. અંતે આભાર વિધિ અને સુરુચિ ફળાહાર સાથે પૂર્ણ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ૧૧૫ પરિવાર સભ્યો હાજરી આપી હતી. ● પાલડી શાખા દ્વારા ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવી.

### ગોધરા




ભા.વિ.પ., ગોધરાની વાર્ષિક અસાધારણ સભા તા. ૩૧-૩-૨૨ના રોજ માધવકુંજ મુકામે સારી સંખ્યામાં યોજાઇ, જેમાં માનનીય જિલ્લા સંઘચાલકજી શ્રી રાજેશભાઇ જોશી, પ્રાંત ધર્મ જાગરણ સંયોજક શ્રી ધર્મેશભાઇ મહેતા, જિલ્લા કાર્યવાહક શ્રી નીલેશભાઇ બારીઆ, પ્રભારી શ્રી લક્ષ્મણભાઇ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત



ભા.વિ.પ. સુરત મેઇન દ્વારા વિશ્વ મહિલા દિન સંદર્ભે 'એચીવમેન્ટ એવોર્ડ સેરેમની'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દક્ષિણ ગુજરાતની ૯ મહિલાઓ કે જેણે વિશિષ્ટ કામગીરી માટે વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કહી હતી એમનું સન્માન કરવામાં આવ્યું હતું. સમારંભમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિશોરસિંહ ચાવડા, કે. પી. ગ્લોબલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. કિરણ પંડ્યા, મુખ્ય મહેમાન તરીકે તથા સંસ્કાર ભારતી સ્કુલના ડાયરેક્ટર અજિતા ઇટાલીયા અને જગદીશ ઇટાલીયા અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

### મધ્ય ગુજરાત પ્રાંતની કારોબારી બેઠક




મધ્ય ગુજરાત પ્રાંતની નવા વર્ષની પ્રથમ કારોબારી સમિતિની બેઠક તા. ૩ એપ્રિલ ૨૦૨૨.

## મધ્ય ગુજરાત પ્રાંત

### જોધપુર




જોધપુર શાખા દ્વારા તબીબી સાધન સેવા કેન્દ્રની શરૂઆત કરવામાં આવી.

### ભિલોડા




ભિલોડા શાખા દ્વારા ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવી.

### અડાજણ - સુરત




અડાજણ - સુરત શાખા દ્વારા શાળાની ૫૦૦ કન્યાઓને સેનેટરી નેપકીન વિતરણ તા. ૧૧ એપ્રિલના રોજ.

### નિકોલ



મધ્ય ગુજરાત પ્રાંત ક્રિકેટ ટુર્નામેન્ટ, વિજેતા નિકોલ શાખાને અભિનંદન.

### કપડવંજ



કપડવંજ શાખા દ્વારા રામનવમી શોભા યાત્રામાં સૌ જોડાયા.

### નરોડા




નરોડા શાખા દ્વારા શુદ્ધ ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવી.

## મધ્ય ગુજરાત પ્રાંત

### સયાજીનગરી, વડોદરા



સયાજીનગરી, વડોદરા

### ઇસનપુર



ઈસનપુર શાખા દ્વારા નિઃશુલ્ક છાસ વિતરણ કેન્દ્રનો પ્રારંભ તા. ૯-૪-૨૨ ના રોજ શરૂ કરવામાં આવી. મુખ્ય દાતા સ્વ. શ્રી રજનીકાંત ભાયાણી પરિવાર અને સમગ્ર કાર્યકર્તા.

### ઘાટલોડિયા



ઘાટલોડિયા શાખા દ્વારા રામનવમી નિમિત્તે આજે રામભજન અને હનુમાન ચાલીસાનો પાઠનો કાર્યક્રમ યોજાયો, સૌએ હર્ષભેર ભાગ લઈ આનંદ ઉત્સવ કર્યો.

## અભિનંદન



નડિયાદના શ્રી અમિતભાઇ સોનીની ટેક્સ ટુડેના રિપોર્ટર તરીકે નિયુક્તિ અભિનંદન.

## ઉત્તર ગુજરાત પ્રાંત

### સિધ્ધહેમ (પાટણ)



સિદ્ધહેમ, પાટણ શાખા ભા.વિ.પ. ઉત્તર ગુજરાત પ્રાંતની અસાધારણ સભા.

### ડીસા



ડીસા મુખ્ય શાખા જે સતત લોકજાગૃતિના કાર્યો કરવા માટે જાણીતી છે આ વખતે પણ ખ્યાતનામ મોટીવેશનલ સ્પીકર શ્રીમતી કાજલબેન ઓઝા વૈદ્ય દ્વારા ખુશીઓનું સરનામું અને સામાજિક ચેતનાનું કેન્દ્રના સુંદર વિષય ઉપર કાર્યક્રમ રાખેલ હતો. જેમાં કાજલબેન ઓઝા વૈદ્ય તરફથી ખૂબ જ સુંદર સમજણ ડીસાની જનતાને પુરી પાડેલ અને તેઓના પ્રશ્નોનું પણ ખૂબ જ સુંદર રીતે નિવારણ કરેલ છે.

## મધ્ય ગુજરાત પ્રાંત

### ખેડબ્રહ્મા



શાખા દ્વારા ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવી.

**'ચક્ષુદાન એક ઉત્તમ સેવા'**

ખેડબ્રહ્મા શાખા દ્વારા ડો. પરેશભાઇ મહેતાના સહયોગથી અમદાવાદના નીરૂબેન પટવાની દીકરીના અવસાન બાદ ચક્ષુસેવાનું ઉમદા દાન આપી અન્ય વ્યક્તિને દૃષ્ટિ આપવાનું ઉમદા કાર્ય કરેલ છે. ● ૨૯ ટ્રાઇસિકલ વિતરણ, ખેડબ્રહ્મા ખાતે તા. ૨૭ માર્ચના રોજ કરવામાં આવ્યું.

## ઉત્તર ગુજરાત પ્રાંત

### હારીજ

**'મેગા કેમ્પ મોતીયાના ઓપરેશનનો'**

હારીજ / ભવાની મંદિર હારીજ તથા જાયન્ટ્સ ગ્રુપ દ્વારા ફેકો પદ્ધતિથી વિનામૂલ્યે (કોમ્પ્યુટરથી ટાંકા વગરનું) મોતિયાના ઓપરેશનનો એકવીસમો મેગા ઓપરેશન કેમ્પ આજે તા. ૧૩-૪-૨૨ને બુધવારના રોજ યોજાઇ ગયો. એમાં ૮૫ થી વધુ દર્દીઓની તપાસ કરી તેમાં ૩૫ દર્દીઓ મોતિયાના આવ્યા હતા. અગાઉ ૨૦ મોતિયાના ઓપરેશન કેમ્પમાં કુલ ૧૩૦૩ લોકોને અને આજના કેમ્પમાં ૩૫ મોતિયાના ઓપરેશન મળી કુલ ૧૩૩૮ને આજદિન સુધી લાભ મળેલ છે.

### ઇડર



ઈડર શાખા તરફથી ૪ સ્થળે ઠંડા પાણીની પરબ શરૂ કરવામાં આવી.

## નવી ૧૬મી શાખા સતલાસાણા શુભઆરંભ




તા. ૨૦ માર્ચ ૨૦૨૨ના રોજ ઉત્તર ગુજરાત પ્રાંતની ૧૬મી શાખા તરીકે પ્રારંભ.

### થરાદ



ધાનેરા શાખાના યજમાન પદે ભારત વિકાસ પરિષદ દ્વારા ગુજરાત ઉત્તર પ્રાંતની ક્રિકેટ ટુર્નામેન્ટ ક્રિકેટ એકેડમી ગ્રાઉન્ડ ખાતે રાખવામાં આવેલ, જેમાં ઉત્તર ગુજરાતની ટોટલ ૧૩ ટીમોએ ભાગ લીધેલ છે. જેમાં ચાર ટીમો હારીજ, પાટણ, રાધનપુર અને થરાદ સેમીફાઇનલમાં આવેલ, જેમાંથી થરાદ અને હારીજની ટીમ ફાઇનલમાં આવેલ. અને થરાદની ટીમ ચેમ્પિયન બનતા કેપ્ટન ડૉ. આર. કે. મોદીને શીલ્ડ આપવામાં આવેલ છે.



થરાદ ભારત વિકાસ પરિષદ શાખા મહિલા પાંખ દ્વારા રવિવારે થરાદ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય હોસ્ટેલ મોડેલ સ્કૂલમાં ૧૦૦ દીકરીઓના બ્લડગ્રુપની તપાસ કરવામાં આવી હતી. જેમાં યશ લેબોરેટરીના જયપ્રકાશભાઇ જોશી દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર - કચ્છ પ્રાંત

## માણાવદર



માણાવદર શાખા દ્વારા તા. ૨-૪-૨૨ના રોજ વાર્ષિક સામાન્ય સભાનું આયોજન થયું. અહેવાલ વાંચન તેમજ નવા હોદ્દેદારોની શપથવિધિ થઇ.

## મુન્દ્રા



મુન્દ્રા શાખા દ્વારા શહીદોને પુષ્પાંજલિ. દેશભક્તિ ગીત આધારિત મ્યુઝિકલ હાઉસીનું આયોજન.

## માંડવી




માંડવી શાખા દ્વારા દર રવિવારે સ્પોર્ટ્સ એક્ટિવિટીનું આયોજન તા. ૩-૪-૨૨થી પ્રાયોગિક ધોરણે સવારે ૭ થી ૯ શરૂ કરવામાં આવ્યું. જેમાં યોગાસન, પ્રાણાયમ અને ધ્યાન, સૂર્ય નમસ્કાર, હળવી કસરત તથા રમતો વગેરેની શરૂઆત કરવામાં આવી.

## જામનગર




જામનગર શાખા દ્વારા જરૂરિયાત મંદ ગંગા સ્વરૂપ બહેનોને દર માસે રાસન કીટ વિતરણ પ્રખર રાષ્ટ્રવાદી અને સંસ્કારી નાગરિકના સુદ્રઢ ઘડતર અર્થે, આંબેડકર વસ્તીમાં ચાલતી શાખા અને સંસ્કાર કેન્દ્રમાં આવતા બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ થાય તે માટે ભા.વિ.પ. જામનગર શાખા તરફથી રમકડાં અને રમતગમતના સાધનો આપવામાં આવ્યા. જામનગર શાખા દ્વારા નૂતનવર્ષ પ્રતિપદા ઉત્સવની ઉજવણી રાષ્ટ્રીય સેવીકા સંઘ દ્વારા કરવામાં આવી.

## નટરાજનગર




તા. ૧૯-૩-૨૨ના રોજ નટરાજનગર શાખા રાજકોટ તથા 'ઈર્શાદ' સાહિત્ય મંચ વડોદરા 'રંગ ભરે આકાશ'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં નામાંકિત કવિઓ અને કવયિત્રીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

## રણછોડનગર




રણછોડનગર શાખા રાજકોટ દ્વારા વિશ્વચકલી દિન નિમિત્તે ચકલીના માળાઓનું વિતરણ થયું.

## શહીદ દિનની ઉજવણી - ૨૩-૦૩-૨૦૨૨

નટરાજનગર રાજકોટ દ્વારા કરવામાં આવી **મુખ્યાંજલિ** અને **કાવ્યપઠન** કરવામાં આવ્યું. કાર્યાલય પર આયોજન થયું. ● અંજાર શાખા દ્વારા **દેશભક્તિના ગીતો, નૃત્ય** દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ થઇ. મ્યુઝિક પાર્ટી દ્વારા દેશભક્તિના ગીતો રજૂ થયા. ●આનંદનગર શાખા રાજકોટ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો. તેમ જ **'કાશ્મીર ફાઈલ્સ'** પિક્ચર સભ્ય પરિવારે સમૂહમાં જોયું. ● જામનગર શાખા દ્વારા શાખા કાર્યાલય પર ઉજવણી શહીદોનું **પૂજન** અને **શ્રદ્ધાંજલિ.** ● મુન્દ્રા શાખા દ્વારા દેશભક્તિ ગીત આધારિત **મ્યુઝિકલ હાઉસી**નું આયોજન કરવામાં આવ્યું. ભારતીય સેનાના નિવૃત જવાનો દ્વારા તેમજ પોલીસ જવાનો દ્વારા દીપ પ્રાગટ્ય વીર શહીદોને પુષ્પાંજલિ. ● પોરબંદર શાખા દ્વારા પ્રજ્ઞાચક્ષુ ગુરુકુળ ખાતે આયોજન થયું વીરાંજલિ કાર્યક્રમની પ્રસ્તુતિ. શાખા સભ્યો માટે **'કાશ્મીર ફાઈલ્સ'** નિઃશુલ્ક પિક્ચર શોનું આયોજન. ● માંડવી (કચ્છ) શાખા દ્વારા પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે ક્રાંતિવીરોના ચરિત્ર વેશભુષાનું આયોજન. વિજેતાઓને પુરસ્કાર. **'વતન મેં લી સાંસ'** નાટક શોનું આયોજન.

## ભુજ




ભુજ શાખા દ્વારા ૨૩ માર્ચ શહીદ દિન નિમિત્તે 'એક શામ શહીદો કે નામ' કાર્યક્રમ યોજવામાં આવ્યો.

## પોરબંદર

### ગીતા જ્ઞાન પ્રતિયોગીતા

ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ ગીતા જ્ઞાન પ્રતિયોગીતા તા. ૫ અને ૬ માર્ચના રોજ યોજાઇ. તેમાં કુલ ૧૪૦૦૦ રજિસ્ટ્રેશન થયા. ૨૮૦૦ સ્પર્ધકોએ પરીક્ષા આપી. જેમાં ૨૭૮ સ્પર્ધકો ગુજરાતના હતા. તેમાં ૧૫૦ સ્પર્ધકો માત્ર પોરબંદરના હતા. આ પ્રતિયોગિતામાં જેણે પરીક્ષા આપી તે તમામ સ્પર્ધકો અભિનંદનને પાત્ર છે કારણ કે તેમણે ભારતીય સંસ્કૃતિની ગરિમાનું બહુમાન કર્યું છે.



રાષ્ટ્રીય પ્રકલ્પ 'ગીતા જ્ઞાન પ્રતિયોગીતા ૨૦૨૨' પ્રથમ નંબરે વિજેતા થતા પોરબંદર શાખાને ગૌરવ અપાવવા બદલ તા. ૩૦-૩-૨૨ના રોજ ભારત વિકાસ પરિષદ, પોરબંદર શાખાની પ્રથમ વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલ વિરલબેન પારેખ તથા વિઠ્ઠલભાઇ કોરડીયાના વરદહસ્તે શિલ્ડ આપી રૂપાબેન દીપેશ આડતિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

## શ્રદ્ધાંજલી

● ભા.વિ.પ. રાજકોટ ખાતેની આનંદનગર શાખાના પ્રમુખશ્રી બકુલભાઇના માતૃશ્રી **સ્વ. પાર્વતીબેન** રામ ચરણ પામેલ છે.

● મણિનગર શાખાના **ડૉ. જીતેન્દ્રભાઇ**નું દુ:ખદ અવસાન તા. ૬-૪-૨૨ના રોજ થયું છે.

● **સ્વ. મહેશભાઇ દવે** દેહદાન, ચક્ષુદાન વડોદરાની સયાજીનગરી શાખાના વરિષ્ઠ અને જુના કાર્યકર સ્વ. મહેશભાઇ દવેના દેહદાન દ્વારા ઉત્કૃષ્ટ સેવા અને સમર્પણનું ઉદાહરણ પુરું પાડેલ છે.

● મણીનગર શાખાના સભ્ય **સ્વ. ડૉ. જીતેન્દ્ર હરિકૃષ્ણ દક્ષિણી**નું દુ:ખદ અવસાન તા. ૫-૪-૨૨ના રોજ થયેલ છે.

**પ્રભુ તેઓના આત્માને ચિરશાંતિ આપે અને પરિવારજનોને આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના.**

**ભા.વિ.પ.-ગુજરાતની વધુ માહિતી માટે www.bvpgujarat.comની વેબ સાઇટ જુઓ**

પ્રકાશક: ભારત વિકાસ પરિષદ-ગુજરાત વતી શ્રી વિનોદભાઇ શાહ, સનય-II, હેમકુટ બિલ્ડીંગ પાસે, ગાંધીગ્રામ રેલવે સ્ટેશન સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
સંયોજક : ગૌરાંગ શાહ (મો.) ૯૪૨૮૨૪૫૦૩૯ ● સહસંયોજિકા : ભારતીબેન દેસાઇ (મો.) ૯૮૭૯૫૬૧૩૪૫ ● મુદ્રણ : મારૂતિ ઓફસેટ, કર્ણાવતી.